

# ગાંધીનગરના ધોરણ-૧૦ના તેજસ્વી તારલાઓ...




# ધો-૧૦ ગાંધીનગર કેન્દ્રનું ૮૨.૧૪ ટકા પરિણામ

**જિલ્લામાંથી ૧૪૪ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડ : શહેરની વિવિધ શાળાના ૮૧ તેજસ્વીઓને એ વન ગ્રેડ : સે-૨૩ કડી કેમ્પસની શેઠ સી એમ વિદ્યાલયનો વિદ્યાર્થી ટોપર્સની યાદીમાં મોખરે : કડી સર્વ વિદ્યાલયના ૩૦ વિદ્યાર્થીઓ જળકયા : કુડાસણ સ્કુલ ઓફ અચિવરના પણ ૧૬ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડ : ગાંધીનગરના ૨૮ કેન્દ્રો પૈકી કડજોદરા કેન્દ્રનુ સૌથી વધુ ૮૩.૯૦ ટકા અને છત્રાલ કેન્દ્રનુ સૌથી ઓછુ ૪૦.૪૮ ટકા પરિણામ**

ગાંધીનગર તા ૨૧ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ હતુ. ધો -૧૦ માં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૮૨.૧૪ ટકા આવ્યુ છે. જયારે જિલ્લાના ૨૮ કેન્દ્રો પૈકી

● અનુસંધાન પાન-૭ પર

## શહેરના પ્રથમ ૧૦ તેજસ્વી તારલાઓ...

| ક્રમ | વિદ્યાર્થીઓનું નામ | શાળા | માર્ક્સ |
|---|---|---|---|
| ૧ | વ્રજ પટેલ | શેઠ સી.એમ. વિદ્યાલય | ૫૮૦ |
| ૨ | નિધી ભલાલા | આર.જી. પટેલ કન્યા વિદ્યાલય | ૫૭૯ |
| ૩ | જયદીપ અમીન | ગુરૂકુળ વિદ્યાલય | ૫૭૩ |
| ૪ | મહેશ્વા પટેલ | માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ | ૫૭૨ |
| ૫ | દિશાંત ગજ્જર | સ્વામીનારાયણ હાઈસ્કૂલ, સે. ૨૩ | ૫૬૯ |
| ૫ | ક્રિષ્ના પ્રજાપતિ | માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ | ૫૬૯ |
| ૬ | જીવા પટેલ | એમ.બી. પટેલ હાઈસ્કૂલ | ૫૬૮ |
| ૭ | એશા મહેતા | આર.જી. પટેલ કન્યા વિદ્યાલય | ૫૬૮ |
| ૮ | દર્શન વણઝારા | સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર (ચિલોડા) | ૫૬૭ |
| ૮ | ઓમ પટેલ | સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર (ચિલોડા) | ૫૬૭ |
| ૮ | આર્યન પટેલ | માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ | ૫૬૭ |
| ૯ | મિહીર પરમાર | સ્વામીનારાયણ ગુરૂકુળ | ૫૬૫ |
| ૧૦ | આર્ચી ઠક્કર | ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ | ૫૬૩ |
| ૧૦ | પરમ પટેલ | શેઠ સી.એમ. હાઈસ્કૂલ | ૫૬૩ |
| ૧૦ | જાનકી ઝાલા | આર.જી. પટેલ કન્યા વિદ્યાલય | ૫૬૩ |
| ૧૦ | અંજલી શાહ | આર.જી. પટેલ કન્યા વિદ્યાલય | ૫૬૩ |
| ૧૦ | ઈશાંત અખાણી | સ્કૂલ ઓફ અચિવર (કુડાસણ) | ૫૬૩ |

## શહેરના તેજસ્વી વ્રજનો એરોસ્પેસ એન્જિનિયરીંગમાં અભ્યાસ કરવાની ખેવના

**લવ ધોબી એમ એસ ધોનીને આદર્શ માને છે : પેપરો લખીને રીવિઝન કરવાથી પરીક્ષામાં સફળતા મળે છે**

ગાંધીનગર તા ૨૧

ધો -૧૦ માં શહેરમાં પ્રથમ ક્રમે આવનાર સે-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલયની શેઠ સી એમ હાઈસ્કુલના વ્રજ કનુભાઈ પટેલે ૬૦૦ માંથી ૫૮૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. શાળાના શિક્ષકોના યોગ્ય માર્ગદર્શનથી ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરનાર વ્રજને આગળ અરોસ્પેસ એન્જિયરીંગમાં અભ્યાસ કરવો છે. વ્રજને પરિણામથી સંતોષ છે. જયારે એ પી જે અબ્દુલ કલામ જયના માટે આદર્શ છે. રોજની ૬ કલાકની મહેનત તેમજ શિક્ષકોના માર્ગદર્શન અને રીવિઝનના લીધે તેણે ધારેલુ પરિણામ પ્રાપ્ત કર્યુ છે. સે-૨૮ માં રહેતા જયના મતે શિક્ષણમાં અનામત ન હોવુ જોઈએ. જયના પિતા કનુભાઈ મધુર ડેરીમાં ફરજ બજાવે છે. જયારે માતા ભગવતીબેન હાઉસ વાઈફ છે. વ્રજે ગણિત અને વિજ્ઞાનમાં ૧૦૦, સંસ્કૃત અને અંગ્રેજીમાં ૯૮, સમાજવિદ્યામાં ૯૫ અને ગુજરાતીમાં ૮૯ ગુણ પ્રાપ્ત કર્યા છે. જો કે ગુજરાતીમાં ધાર્યા કરતા ઘણાં ગુણ ઓછા મળ્યા હોવાનો અસંતોષ પણ તેણે વ્યકત કર્યો હતો. શેઠ સી એમના અન્ય એક વિદ્યાર્થી લવ હીતેશકુમાર ધોબીએ પણ તેજસ્વી વિદ્યાર્થીઓની યાદીમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે.તેના પિતા હીતેશભાઈ ધોબીની દુકાન ધરાવે છે.

જયારે આગળ અભ્યાસ કરીને લવ આઈ એ એસ અફસર બનવા માંગે છે. રીવિઝન વર્ક તેમજ પેપરો લખવાથી સારુ પરિણામ પ્રાપ્ત થાય છે તેમ તેનુ માનવુ છે. સે-૧૪ માં હાઉસીંગ બોર્ડના મકાનમાં રહેતા લવના પિતા સંઘર્ષ કરીને પુત્રને યોગ્ય શિક્ષણ પુરુ પાડવા પ્રયત્નશીલ છે. જયારે લવ સંઘર્ષની મિશાલ ગણાંતા એમ એસ ધોનીને પોતાનો આદર્શ માની આગળ ચાલે છે.

## ધો-૧૦માં કેન્દ્રવાર પરિણામની ટકાવારી

| કેન્દ્ર | નોંધાયેલા | ઉપસ્થિત | ટકાવારી |
|---|---|---|---|
| નાંદોલ | ૪૬૦ | ૪૫૯ | ૬૭.૭૬ |
| દહેગામ | ૧૨૨૨ | ૧૨૦૫ | ૭૯.૫૯ |
| રખિયાલ | ૫૬૦ | ૫૫૮ | ૫૯.૫૦ |
| બહિયલ | ૪૯૯ | ૪૯૫ | ૬૩.૦૩ |
| શેરથા | ૩૪૮ | ૩૪૧ | ૪૨.૫૨ |
| ગાંધીનગર | ૫૬૮૮ | ૫૬૭૮ | ૮૨.૧૪ |
| છાલા | ૬૨૨ | ૬૧૮ | ૭૩.૬૨ |
| જિંડવા | ૪૨૯ | ૪૨૫ | ૮૨.૧૨ |
| કલોલ | ૩૧૧૫ | ૩૦૯૮ | ૬૯.૧૧ |
| માણસા | ૭૬૩ | ૭૬૨ | ૫૬.૮૨ |
| અડાલજ | ૭૨૧ | ૭૦૧ | ૬૧.૬૩ |
| આજોલ | ૩૯૩ | ૩૮૨ | ૫૩.૪૦ |
| ડભોડા | ૫૪૫ | ૫૪૩ | ૬૫.૫૬ |
| સોજા | ૪૯૬ | ૪૯૫ | ૬૦.૬૧ |
| સરઢવ | ૪૬૦ | ૪૫૮ | ૬૧.૧૪ |
| કનીપુર | ૫૩૫ | ૫૨૫ | ૭૩.૯૦ |
| ચાંદખેડા | ૧૫૨૯ | ૧૫૨૬ | ૭૩.૩૯ |
| કડજોદરા | ૪૧૩ | ૪૧૦ | ૮૩.૯૦ |

● અનુસંધાન પાન-૭ પર

## ધોરણ ૧૦માં ફરી વિદ્યાર્થીનીઓની ઝળકી

ગાંધીનગર, તા.૨૧

ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ આ વખતે પણ વિદ્યાર્થીઓની સરખામણીમાં વિદ્યાર્થીનીઓએ બાજી મારી દીધી છે. એકબાજુ વિદ્યાર્થીઓની પાસની ટકાવારી ૬૨.૮૩ ટકા રહી છે જયારે વિદ્યાર્થીનીઓની ટકાવારી ૭૨.૬૪ ટકા રહી છે. છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીનીઓનો દેખાવ બોર્ડની પરીક્ષામાં નોંધપાત્ર જોવા મળી રહ્યો છે. આ વખતે પણ નિયમિત વિદ્યાર્થીઓમાં વિદ્યાર્થીનીઓ આગળ રહી છે. નિયમિત વિદ્યાર્થીનીઓની સંખ્યા પરીક્ષામાં કુલ પૈકી ૩૪૭૧૪૦ નોંધાઈ હતી જે પૈકી ૨૫૨૧૬૧ વિદ્યાર્થીનીઓ પાસ થઈ છે. પરિણામની ટકાવારી ૭૨.૬૪ ટકા રહી છે. જયારે નિયમિત ઉમેદવારોમાં કુલ વિદ્યાર્થી પૈકી ઉપસ્થિત વિદ્યાર્થી ૪૭૫૬૮૩ રહ્યા હતા જે પૈકી ૨૯૮૮૬૨ વિદ્યાર્થી પાસ થયા છે. તેમના પરિણામની ટકાવારી ૬૨.૮૩ રહી છે.

## શહેરની કઈ શાળાનું કેટલું પરિણામ

| ક્રમ | શાળાનું નામ | પરિણામ (ટકા) | એ-૧ ગ્રેડમાં કેટલા |
|---|---|---|---|
| ૧. | માઉન્ટ કાર્મેલ, સે-૨૧ | ૯૯.૫૭ | ૧૧ |
| ૨. | સ્વામીનારાયણ ગુરુકુલ વિદ્યાલય, સે-૨૩ | ૯૮.૭૭ | ૩ |
| ૩. | આર.સી. પટેલ સ્કૂલ, સે-૨૩ | ૯૭.૬૧ | ૪ |
| ૪. | એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, સે-૨૩ | ૯૭.૪૬ | ૫ |
| ૫. | રેડીયન્ટ સ્કુલ (સરગાસણ) | ૯૬ | |
| ૬. | સ્કૂલ ઓફ એચિવર, કુડાસણ | ૯૫.૫૬ | ૧૬ |
| ૭. | આદર્શ નિવાસી સે-૮ (અ.જા. કન્યા) | ૯૫ | |
| ૮. | સેંટ ઝેવિયર્સ સ્કૂલ | ૯૪.૮૬ | ૧૨ |
| ૯. | આદર્શ નિવાસી સે-૮ (અ.જા. કુમાર) | ૯૪.૬૮ | |
| ૧૦. | આર.જી. કન્યા વિદ્યાલય, સે-૨૩ | ૯૪.૪૪ | ૧૩ |
| ૧૧. | ઈન્ફોસીટી સ્કૂલ, સરગાસણ | ૯૪.૨૩ | ૨ |
| ૧૨. | સ્વામિનારાયણ હાઈસ્કૂલ, સે-૨૩ | ૯૩.૩૩ | ૫ |
| ૧૩. | સહજાંદ સ્કૂલ ઓફ એચિવર, ચિલોડા | ૯૨.૫૯ | ૪ |
| ૧૪. | શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સે-૨૩ | ૯૨.૪૦ | ૮ |
| ૧૫. | શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય | ૮૯.૧૯ | |
| ૧૬. | જે.એમ. ચૌધરી ગ્રાન્ટેડ, સે-૭ | ૮૮.૮૭ | |
| ૧૭. | વસંતકુંવરબા વિદ્યાલય, સે-૨૮ | ૮૮.૦૫ | |
| ૧૮. | જે.એમ. ચૌધરી નોન ગ્રાન્ટેડ, સે-૭ | ૮૦.૨૭ | |
| ૧૯. | આરાધના વિદ્યાવિહાર, સે-૨૮ | ૭૮.૬૪ | |
| ૨૦. | પ્રેરણા વિદ્યાલય | ૭૪ | |
| ૨૧. | શારદા વિદ્યાલય | ૬૬.૩૮ | |
| ૨૨. | જયપ્રકાશ વિદ્યાલય | ૬૫.૫૭ | |
| ૨૩. | ઓમકાર વિદ્યાલય | ૬૧.૧૧ | |
| ૨૪. | માતંગી વિદ્યાલય | ૪૧.૧૭ | |
| ૨૫. | સરદાર પટેલ વિદ્યાલય, સે-૭ | ૩૭ | |
| ૨૬. | વિવેદાનંદ વિદ્યાલય, સે-૧૨ | ૩૦.૪૩ | |
| ૨૭. | મહાત્મા ગાંધી વિદ્યાલય, સે-૧૬ | ૧૮.૭૫ | |
| ૨૮. | તક્ષશીલા વિદ્યાલય | ૧૨.૫ | |


“ટ્યુશન વગર સર્વશ્રેષ્ઠ પરિણામ આપતી ગુજરાતની એકમાત્ર સંસ્થા”

INFO CITY JUNIOR SCIENCE COLLEGE SINCE 2004

Infocity School

(Std. - 10th S.S.C) (Gujarati Medium & English Medium)

સતત આઠ વર્ષ થી બોર્ડનું શ્રેષ્ઠ પરીણામ લાવી આપતી ગુજરાતની એકમાત્ર સંસ્થા

માર્ચ - 2019, ધોરણ-10 બોર્ડ પરીક્ષામાં શાળાના 104 વિદ્યાર્થીઓમાંથી 38 વિદ્યાર્થીઓ 90 Up પર્સન્ટાઈલ A1 ગ્રેડ 2 અને A2 ગ્રેડ 18 મેળવેલ છે. આ તેજસ્વી તારલાઓને સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન

A1 GRADE STUDENTS - 2019



THAKKAR ARCHI M. PR-99.87
KANANI SHRUTIBEN S. PR - 99.42

A2 GRADE STUDENTS - 2019



PATEL SUCHI PR - 99.11
PRAJAPATI PRIYANSHI PR - 99.07
PATEL RICHA PR - 99.03
ADHIYA RITIKA PR - 98.72
PANDYA SMIT PR - 98.67
VASAVADA DWIJA PR - 98.46
CHAUDHARI VISHAL PR - 98.29
MODI SAVAN PR - 98.24
SOLANKI ADITYA PR - 98.18
PATEL VATSAL PR - 98.06
OZA PREM PR - 97.75
PATEL PRANSHU PR - 97.27
OZA KRISHNA PR - 96.64
SHAH KALP PR - 96.56
PATEL RAJVI PR - 96.39
PATEL OHANG PR - 96.39
PATEL ANUJ PR - 96.03
PRAJAPATI BHUMI PR - 96.22

90 Up Percentile - 2019



SONI AARCHI PR - 95.59
NARANG AASTHA PR - 95.29
DAMOR HIREN PR - 95.29
SUTARIYA VYOM PR - 95.08
PATEL NISARG PR - 95.08
DESAI YASHVI PR - 94.71
PATEL DIXARTH PR - 94.22
PATEL MEGH PR - 94.22
PATEL PRANJAL PR - 94
PATEL PANKTI PR - 93.89
GOHIL RITUBA PR - 92.93
PATEL DIVYA PR - 92.81
AKHANI AESHA PR - 92.55
SHARMA RIYA PR - 92.3
RAMANI KENIL PR - 92.16
ADALAJA JAYDIP PR - 92.16
VYAS RUSHIRAJ PR - 91.32
PATEL PRIYANSH PR - 91.32

Address : Plot No.: 42, At & Post : Sargasan, Ta & Dist : Gandhinagar-382421

Mo. 76238 71647, 76238 71648


## આજે મતગણતરી કેન્દ્રના સુરક્ષા કર્મીઓ માટે મેડીકલ ચેક-અપનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સંસદીય મતવિસ્તારની મતગણતરી મથક જે તૈયાર કરાયુ છે તેની સુરક્ષાની જવાબદારી સંભાળતા તેમજ મતગણતરી દરમ્યાન ફરજ બજાવનાર પોલીસ કર્મીઓનું આજે મેડીકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આ ખાસ ઝુંબેશના ભાગરૂપે મેડીકલ ચેક-અપનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ડાયાબીડીસ સહિતના વિવિધ રોગોને લઈ ચકાસણી કરવામાં આવનાર છે. સવારે ૧૦.૩૦ વાગ્યાથી આ ચેક-અપ કાર્યક્રમનો આરંભ થશે.

પંચે મતગણતરી સ્થળે ખાસ મેડીકલ ટીમ પણ તૈનાત રાખવાની સૂચના આપી છે અને તે મતગણતરીના દિવસે પણ હાજર રહેશે. આ માટે ટીમનું ગઠન કરી દેવામાં આવ્યું હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રની ટીમ દ્વારા મતગણતરીના દિવસે અને મતગણતરીના આગળના દિવસે ફરજો બજાવશે.

મળતી વિગતો પ્રમાણે ગરમીનું પ્રમાણ વધુ પડતુ હોવાથી તંત્ર દ્વારા આ આગોતરૂ પગલુ લેવામાં આવ્યુ છે. બીજી તરફ સુરક્ષા કર્મીઓને પણ મતગણતરીના દિવસે કયા પોઈંટ પર ફરજ બજાવવાની છે તેનુ બ્રિફીંગ પણ આજે આપવામાં આવનાર છે. જેથી ટ્રાફિક અને કાયદો-વ્યવસ્થાના કોઈ પ્રશ્નો ઉભા થાય નહિ.


ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com